


બુધવારે સાંજે ફુંકાયેલા ભારે પવનના કારણે વૃક્ષો અને હોર્ડીંગ્સને તો નુકશાન થયુ જ છે પરંતુ ધાબાઓ પર લગાવેલી સોલાર પેનલને પણ નુકશાન થયુ છે. કેટલાક સ્થળોએ આખે આખા સોલાર પેનલ ઉખડી જવાના અને મોંઘા પાર્ટસ તુટી જવાના બનાવો પણ બન્યા છે.

# શહેરમાં સુકા ઉભા જોખમી વૃક્ષો વરસાદી દિવસોમાં જોખમી

## ભારે વરસાદી ઝાપટા દરમિયાન શહેરમાં ૨૦ વૃક્ષો ધરાશાયી થયા : વનતંત્રએ સર્વે હાથ ધરી ત્વરિત આ પ્રકારના વૃક્ષો દુર કરવા અનિવાર્ય

ગાંધીનગર તા ૧૬

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થાય છે. જયારે વરસાદી દિવસોના પ્રારંભ સાથે જ શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા ગઈકાલે પણ તોફાની વરસાદના લીધે શહેરના મુખ્યમાગો સહીત ઉભા અને આડા રસ્તા પર જમીનદોસ્ત થયેલા વૃક્ષો આડશ બન્યા હતા. જો કે હજુ પણ શહેરમાં જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ગઈકાલે વરસાદી સાંજ દરમિયાન શહેરમાં વિવિધ ઠેકાણે ૨૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હતા. જયારે હજુ પણ શહેરમાં સુકા અને જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે ત્યારે વનતંત્રએ આ પ્રકારના જોખમી વૃક્ષોને દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે.

શહેરમાં ચોમાસાના પ્રારંભ સાથે તોફાની વરસાદ વરસે છે. થોડા સમય અગાઉ પણ ભારે પવન અને અસહ્ય વિજકડાકા સાથે તોફાની વરસાદના લીધે ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. શહેરના સેકટરો તેમજ મુખ્યમાર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો આસપાસ કેટલાક તોતિંગ વૃક્ષોની ડાળીઓ પણ નમી પડેલી છે. જયારે સુકા ઉભા વૃક્ષો પણ ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી સ્થિતિ છે. ઉભા સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ અનેકવાર સર્વે કર્યો છે.



જયારે સર્વેના અંતે તબક્કાવાર સુકા વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર કામે લાગે છે. ગત દિવસોમાં પણ શહેરમાં સુકા અને જોખમી વૃક્ષોની વનતંત્રએ કટોતી કરી હતી પરંતુ હજુ પણ શહેરમાં આ પ્રકારના જોખમી વૃક્ષો છે. ગઈકાલે સાંજે આવેલા ભારે વરસાદી ઝાપટા સાથે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જેના લીધે સે-૪ , ઘ-૨ , સે-૨૩ સહીત નગરના ઉભા આડા માર્ગો પર ઠેર ઠેર વૃક્ષો આડશ બનેલા જોવા મળ્યા હતા અંદાજિત શહેરમાં ૨૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે સદનસીંબે વૃક્ષ જમીનદોસ્ત થવાના લીધે કોઈ જાનહાનિ કે ઈજા થવા પામી ન હતી. પરંતુ માર્ગ પર ટ્રાફિક માટે આડશ બનેલા આ વૃક્ષો ગમે ત્યારે નાગરિકો માટે જાનલેવા પુરવાર થાય તેમ છે. અલબત્ત નમી પડેલા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રએ ફરી સર્વે હાથ ધરીને સુકા વૃક્ષોની કટોતી કરવી અનિવાર્ય છે. આ ઉપરાંત નમી પડેલી વૃક્ષોની ડાળીઓ દુર કરવા માટે ટ્રીમીંગની કામગીરી પણ ઝડપથી કરવી અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# ઉવારસદ પાસેથી રીક્ષા લઈને મુસાફર પલાયન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર-અડાલજ માર્ગ પર ઉવારસદ પાસે મસાલો ખાવા માટે રીક્ષામાંથી નીચે ઉતરેલા રીક્ષા ચાલકની રીક્ષા લઈને મુસાફર પલાયન થઈ ગયો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. રીક્ષા ચાલકે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી રીક્ષાની શોધખોળ આદરી છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના લીલાપુર ગામે રહેતા હમીરભાઈ ગોવિંદભાઈ ચૌહાણ ખેતરમાં ચોકીદારનું કામકાજ કરે છે. તે ઉપરાંત છેલ્લા સાત મહિનાથી રીક્ષા ભાડે ફેરવે છે. ગત તા.૪ જુલાઈના રોજ તેઓ સાણંદથી પરત આવી રહ્યા હતા તે સમયે આંબલી રીંગરોડ પાસે એક મુસાફર ઉવારસદ આવવા માટે રીક્ષામાં બેઠો હતો. બપોરના એક વાગ્યાના સુમારે ઉવારસદ ગામના નાકે પાનનો ગલ્લો આવતા હમીરભાઈ રીક્ષા ઉભી રાખીને મસાલો ખાવા માટે લેવા ગયા હતા. તે દરમિયાન રીક્ષાની ચાવી અંદર હોવાથી રીક્ષામાં બેઠેલ મુસાફર રીક્ષા લઈને પલાયન થઈ ગયો હતો. જેથી પોતાના શેઠને વાત કરતા મુસાફર અંગે તપાસ કરતા તે થલતેજ ગામનો સુરેશજી નાનાજી ઠાકોર હોવાનું જાણવા મળ્યું હતું. થોડા દિવસ તેની શોધખોળ કર્યા પછી પણ તેનો પત્તો ના લાગતા હમીરભાઈએ આખરે અડાલજ પોલીસ મથકે રૂ.૧.૭૦ લાખની કિંમતની જી.જે.૦૧.ટી.એફ.-૨૨૯૦ રીક્ષા ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- આજે ગાંધીનગરમાં મિટીંગ્સ ડે ઉજવાયો હોય તેમ તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ. આજે ગુડાની બોર્ડ બેઠક, મનપાની સ્થાયી સમિતિની બેઠક, પંચાયતની શિક્ષણ સમિતિની બેઠક તો કોવિડ-૧૯ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક પણ આજે યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં વરસાદના હળવા ઝાપટા પછી આજે આખો દિવસ સતત ઉકળાટભર્યો નગરજનોએ અનુભવ્યો હતો.
- આજે ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવેલ ગામોના પૂર્વ સરપંચો કમિશનરને મળવા જવાના હોવાની વાતોથી પુનઃ રાજકારણમાં ગરમાવો આવ્યો છે.
- અધિકારીઓ અને મંત્રીઓ તેમના જિલ્લાઓમાં જતા આજે સચિવાલય સૂમસામ ભાસતુ હતુ.
- ગાંધીનગર મનપા દ્વારા કોવિડ કામગીરી અંગે અપાતી નાનકડી પ્રેસનોટ છેલ્લા કેટલાક દિવસોથી બંધ કરી દેવામાં આવી છે.
- સચિવાલય સંવર્ગમાં ઉપ-સચિવથી નાયબ સચિવના પ્રમોશન આપવાની હિલચાલો વેગીલી બની હોવાનું સચિવાલયની ગલિયારીઓમાં વાતો ચર્ચાતી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બધા અત્યારે કોરોના પોઝીટીવ આવે તે સમયમાં... થોડા નેગેટીવ માર્ક લાવ્યો તેમાં ગુસ્સે શું થવાનું...??

# ગુડાના આવાસો મામલે રહીશોએ સાત વર્ષના અંતે પણ સોસાયટીની રચના કરી નથી

## છેલ્લા કેટલાક દિવસોથી આવાસોમાં પાણીની પોકાર : સ્થાનિક રહીશો દયાજનક સ્થિતિમાં

ગાંધીનગર તા ૧૬

ગુડાના આવાસોની જાળવણીના મામલે સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. ત્યારે ગુડાના આવાસોના નિર્માણ બાદ સ્થાનિક રહીશોએ સ્વૈચ્છિક રીતે સોસાયટીની નોંધણી કરી નથી. જયારે આ સ્થિતિ વચ્ચે ગુડા હવે આવાસોની જાળવણીના મુદ્દે હાથ ઉંચા કરવાના મુડમાં છે. ત્યારે સાત વર્ષના અંતે પણ એલ આઈ જી આવાસના રહીશોએ હજુ સુધી આ અંગે કોઈ આયોજન કર્યુ નથી. જેના લીધે આવાસોની જાળવણીનો મુદ્દો હાલ અધ્ધરતાલ છે. ગુડાના રહીશો જ હાલાકી વેઠી રહ્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ , અડાલજ અને ચિલોડોમાં આવાસો તૈયાર કરાયા હતા. જયારે અંદાજિત ૧૨૦૦ જેટલા આવાસો તૈયાર થઈ ગયા બાદ વર્ષ ૨૦૧૩ માં આવાસોની ફાળવણી પણ કરી દેવામાં આવી હતી જેના અંતે હાલ છેલ્લા ૭ વર્ષથી ગુડાના આવાસોમાં લાભાર્થીઓનો વસવાટ છે. જો કે કોઈક કિસ્સામાં મકાન ભાડે અપાયુ હોવાની સાથે લાભાર્થીઓના સગા સંબંધી પણ રહેતા હોવાનુ મનાઈ રહ્યુ છે. ત્યારે હાલ આ આવાસોની જાળવણીનો મુદ્દો ચર્ચા સ્થાને છે. છેલ્લા કેટલાક સમયથી આવાસોની યોગ્ય રીતે જાળવણી થતી નથી જેના લીધે આવાસોમાં હાલ પાણી પણ આવતુ ન હોવાની સાથે સિક્યુરીટીની વ્યવસ્થા પણ છીનવાઈ ગઈ છે.

જયારે કચરો એકત્રિત કરવાની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ છે. આ સ્થિતિ વચ્ચે હાલાકી વેઠતા આવાસના રહીશોએ આ અંગે ગુડાના તંત્રને પણ રજુઆત કરી છે. ત્યારે ગુડાના આવાસમાં છેલ્લા સાત વર્ષથી નિભાવણીનુ કામ ગુડા સંભાળતુ હોવાથી આ મામલે હજુ સુધી સ્થાનિક રહીશોએ સોસાયટી પણ બનાવી નથી જયારે આવાસોના જાળવણીનુ કામ સોસાયટીના માધ્યમથી કરવા માટે પણ ગુડાએ નિર્દેશ કર્યો છે. તેમ પણ જાણવા મળ્યુ છે. આવા સંજોગોમાં ગુડામાં રહેતા લાભાર્થીઓ હાલ પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત છે. આવાસમાં પાણી આવતુ નથી જેના લીધે રોજ મહીલાઓ બોરમાંથી પાણી ભરવા મથામણ કરે છે.



ચિલોડા-નરોડા હાઈવે પર વહેલી પરોઢે બે ટ્રક વચ્ચે અકસ્માતમાં એકનું મોત થયું છે. ઉત્તરપ્રદેશના અમેઠીના અમિયા ગામે રહેતો ૩૨ વર્ષીય શાનબાબુ લાલમહંમદ મુસલમાન ટ્રક લઈને અમદાવાદ તરફ જતો હતો. વહેલી પરોઢે ચાર વાગ્યાના સુમારે ચિલોડા પાસે ઓમલેન્ડ સ્કૂલની સામે ઉભેલા RJ-27-GD-7378 નંબરના ટ્રેલરમાં ટ્રક ઘૂસી ગયો હતો. ટ્રકનો ભાગ આગળથી ચગદાઈ જતા એક કલાકની જહેમતે ચાલક શાનબાબુને બહાર કઢાયો હતો. જેને તાત્કાલિક ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો જ્યારે સવારે પોણા દશ વાગ્યાના સુમારે સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ઘટનાને પગલે ચિલોડા પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

# અડાલજ પાસે રીક્ષાને ઈનોવાએ ટક્કર મારતા પલ્ટી જતા મુસાફરોને ઈજા

કલોલ થી બાલાપીર સર્કલ તરફ જતી રીક્ષા અડાલજ પાસે માણેકબા સ્કુલ નજીક માર્ગ પર અકસ્માત સર્જાતા રીક્ષા પલ્ટી ખાઈ જતા રીક્ષામાં બેઠેલા ૪ મુસાફરોને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. કલોલથી રીક્ષામાં ત્રણ મુસાફરો ચાંદખેડા જવા માટે બેઠા હતા. બપોરના સુમારે રીક્ષા અડાલજ પહોંચી હતી ત્યારે ઈનોવા ગાડીએ પાછળથી ટક્કર મારતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેથી રીક્ષા ચાલક તેમજ ત્રણ મુસાફરમાં કલોલ નજીક આવેલા કરજીસણ ગામે રહેતા વૃધ્ધા રૂપાબેન લલ્લુભાઈ રબારીને જમણા હાથની આંગળીના ભાગે ફેકચર અને હાથ, નાક, આંખ અને માથાના ભાગે વધુ ઈજાઓ પહોંચી હતી.



ગાંધીનગરના મુખ્ય માર્ગો અને આંતરીક માર્ગો પર ઠેર ઠેર સ્ટ્રીટ લાઈટ નાંખવામાં આવી છે. જો કે તેનું યોગ્ય મેન્ટેનન્સ થતું નથી. સેકટર-૭માં ચૌધરી સ્કુલની પાસે સ્ટ્રીટ લાઈટના થાંભલાનું ઢાંકણ જોખમી રીતે ખુલ્લું છે અહીં વરસાદ દરમિયાન શોર્ટ સર્કિટ થવાની પુરી સંભાવના છે.

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોશી પ્રતિક ઉપવાસ

અમદાવાદ, તા. ૧૬

“હું શિક્ષકની સાથે” સૂત્રના નેજા હેઠળ કોંગ્રેસનાં મુખ્યપ્રવક્તા અને શિક્ષણવિદ ડૉ. મનીષ દોશી શિક્ષણનાં કથળતા સ્તરથી ચિંતિત અને શિક્ષકોની ૪૨૦૦ વ્યાજબી ગ્રેડ પેની માંગનાં સમર્થનમાં આજે પોતાના નિવાસસ્થાને જ પ્રતીક ઉપવાસ કરશે.

પ્રવક્તા ડો.મનિષ દોશીએ જણાવ્યું છે કે, “ગુજરાતનાં કથળતા જતાં શિક્ષણનાં સ્તરથી ચિંતિત અને શિક્ષકોની ૪૨૦૦ પે ગ્રેડની વ્યાજબી માંગને સમર્થન આપવા વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાને રાખીને અમદાવાદ સ્થિત મારા નિવાસસ્થાન ખાતે ૧૬-જુલાઈ ગુરૂવારે સવારે સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી પ્રતીક ઉપવાસ કરીશ.”

# સ્વામીનારાયણ ગાદી સંસ્થાનના પુરુષોત્તમરપ્રિયદાસજીનું નિધન

## ઉઘડતા પ્રભાતે હરિભક્તો માટે શોકમગ્ન સમાચાર : ૭૮ વર્ષના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજીના ફેફસામાં ઈન્ફેક્શન બાદ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સ્વામિનારાયણ ગાદી સંસ્થાન-મણિનગરના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીનું આજે દેહાવસાન થયું છે. ૭૮ વર્ષના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી ફેફસામાં ઈન્ફેક્શન બાદ શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેઓ છેલ્લા ઘણાં દિવસથી વેન્ટિલેટર ઉપર હતા. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, જૂન મહિનાના અંતમાં આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીને ફેફસાની બીમારીને પગલે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટરોએ વેન્ટિરલેટર સપોર્ટ અને પ્લાઝમા થેરાપીથી સારવાર પણ કરી હતી. જો કે બુધવારે મોડી રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ઉલ્લેખનીય છે કે, સ્વામીજી ઝડપથી સ્વસ્થ થાય તે માટે મણિનગર ગાદી સંસ્થાન હેઠળના અમદાવાદ સહિત વિશ્વભરના તમામ મંદિરોમાં ધૂન કરવામાં આવી હતી. આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના ઉત્તરાધિકારી તરીકે ગત ૧૨-જુલાઈના રોજ સદ્‌ગુરુ જિતેન્દ્રપ્રિયદાસજી સ્વામીની નિમણૂંક કરવામાં આવી છે. આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી



સ્વામીના પાર્થિવ દેહને ગુરુવારે ઘોડાસર સ્મૃતિમંદિર સંકુલ ખાતે લવાશે. જો કે કોરોના મહામારીના પગલે હરિભક્તોને મુક્તજીવન સ્વામીબાપાના સ્મૃતિ મંદિરના કમ્પાઉન્ડમાં એકત્ર ના થવાની અપીલ કરવામાં આવી છે. તેમના અંતિમ દર્શન વેબસાઈટ પર ગુરુવારે સવારે ૭.૦૦ વાગ્યાથી ઓનલાઈન થઈ શકશે. આ ઉપરાંત આજથી ૧૧ દિવસ સુધી સંસ્થાનના દરેક મંદિરોમાં ઝાલર, નગારા વગાડવા નહીં, તેમજ ઉત્સવ કરવો નહીં. કોરોના મહામારીને પગલે દરેક ભક્તોએ ગૃહમંદિરે પ્રાર્થના, કથા, કીર્તન, ધ્યાન તથા ધૂન કરવી, પોતાની શક્તિ અનુસાર વિશેષ નિયમો લેવા. મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન તરફથી હરિભક્તોને અપીલ કરવામાં આવી છે કે, કોરોના વાયરસને કારણે કોઈએ પણ સ્વામિનારાયણ મંદિર મણિનગર તથા શ્રીમુક્તજીવન સ્વામીબાપાના સ્મૃતિ મંદિરના કમ્પાઉન્ડમાં આવવાનું નથી. ગુરૂ શિષ્યના નાતે અંતિમસંસ્કારવિધિ પૂર્ણ થયા પછી સ્નાનવિધિ કરવી. ઉલ્લેખનીય છે કે, ભુજ તાલુકાના ભારાસર ગામે આચાર્ય પી. પી. સ્વામીનો જન્મ ૨૮ મે ૧૯૪૨ના થયો હતો. માત્ર ૧૯ વર્ષની ઉંમરે ૨૧ માર્ચ ૧૯૬૨ના ભાગવતી મહાદીક્ષા ધારણ કરી હતી.

# સરકારી નોકરીમાં ભરતી ન થાય તો ચૂંટણીનો બહિષ્કાર

અમદાવાદ, તા. ૧૬

ગુજરાતમાં સરકારી નોકરીમાં ભરતી કરવાની માંગ સાથે ડિજીટલ અભિયાન શરૂ કરાયું છે. સાથે જ ચૂંટણીનો બહિષ્કાર કરવાની પણ યુવાનોએ ચીમકી ઉચ્ચારી છે. શિક્ષિત બેરોજગાર યુવાનોએ આજથી ૧૦ લાખ ટ્વિટના લક્ષ્યાંક સાથે નવું હેશટેગ શરૂ કર્યું છે. સરકારે જાહેર કરેલા મહેકમ મુજબ ભરતી કરવામાં આવે તેવી માંગ યુવાનો દ્વારા કરાઈ છે. જો ચૂંટણીની તારીખ જાહેર કરી શકાતી હોય તો સરકારી નોકરીઓની જાહેરાત કેમ ન કરી શકાય તેવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો. વધુમાં વધુ ટ્વિટના માધ્યમથી પોતાનો અવાજ સરકારના કાન સુધી પહોંચાડવાનો આ પ્રયાસ કરાયો છે. ત્યારે વધુમાં વધુ ટ્વિટ થતા જ ટ્વિટર પર આ હેશટેગ ટ્રેન્ડિંગમાં આવી ગયું છે. અત્યાર સુધી આ હેશટેગમાં ૨૬ હજારથી વધુ ટ્વિટ થઈ ચૂકી છે.

દિનેશ બાંબણિયાએ જણાવ્યું કે, જે યુવાનો ભરતી માટે રાહ જોઈ રહ્યાં છે તેઓ આ હેશટેગ પર ટ્વિટ કરે. આ પહેલા પણ યુવાનોએ આંદોલન માટે ડિજીટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરાયો છે. ત્યારે ફરી એકવાર વિદ્યાર્થીઓ નવા હેશટેગ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવ્યાં છે. સરકાર જો ચૂંટણીની તારીખ જાહેર કરી શક્તી હોય તો સરકારી ભરતી કેમ જાહેર કરી શક્તી નથી તેવો સવાલ તેઓએ પૂછ્યો છે. ‘પહેલા રોજગારી પછી ચૂંટણીહ્વ સાથે યુવકો ફરી મેદાનમાં આવ્યા છે.

ઈપહેલા રોજગારી પછી ચૂંટણી હેશટેગ સાથે ગુજરાતના યુવાનો સીધો સંદેશ સરકારને અપાયો છે કે, જ્યાં સુધી સરકાર યુવાનોના બેરોજગારી અને જે સરકારી ભરતી પ્રક્રિયા અટકી પડી છે એના મુદ્દાનું નિરાકરણ નહીં લાવે ત્યાં સુધી ચૂંટણી કરવાનો પણ એને કોઈ હક નથી. જો એવું થશે તો ચૂંટણીનો બહિષ્કાર થશે. આજના હેશટેગ એના માટે છે. જો ચૂંટણીની તારીખ જાહેર થઈ

● અનુસંધાન પાના - ૭ પર